

નો-પાર્કીંગમાં પાર્કીંગ - પાટનગરમાં પાર્કીંગની સમસ્યા શીરદર્દ બનતી જાય છે... આડેધડ પાર્કીંગ..., નો-પાર્કીંગ ઝોનમાં પાર્કીંગ અને પાર્કીંગ પ્લેસનો અભાવની સમસ્યાથી પાટનગર ઘેરાતું જાય છે... ખાસ કરીને નો-પાર્કીંગ ઝોનમાં પાર્કીંગ કરવાની ફેશન ગાંધીનગરમાં જ ફુલીફાલતી જાય છે... વ્યવસ્થાના ભાગરૂપે મૂકાયેલી નોટીસનો પણ અનાદર કરવાનું જાણે કોઠે પડી ગયું હોય એમ બોર્ડની લગોલગ પાર્ક કરીને જાણે પડકાર અપાતો હોય એવા દશ્યો પણ વારંવાર જોવા મળે છે... આ તસવીરમાં પણ આવું જ પાર્કીંગનું વરવું દશ્ય વિકૃત માનસિકતાની ચાડી ખાય છે...

# જિલ્લામાં ૧૬મીથી ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન

ગાંધીનગર, તા.૬

આગામી ૧૬ જુલાઈથી જિલ્લામાં આરંભાઈ રહેલ ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન અંગે તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ થઈ ગયું હોવાનો દાવો જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ કર્યો હતો. અભિયાન ચાલશે તેથી વાલી વર્ગે ચિંતા રાખવાની જરૂી નથી. એક બાળકને રસી માટે ૩ રૂમની પધ્ધતિ અમલમાં મુકાશે. જેમાં પહેલા બાળકની તપાસ પછી બીજા રૂમમાં રસી અપાશે અને રસીકરણ બાદ ૩૦ મિનિટ સુધી બાળકને ત્રીજા રૂમમાં નિરીક્ષણ હેઠળ રખાશે. કે ૮૮૭ શાળાના આચાર્યોને રસીકરણ અંતર્ગત તાલિમ બધ્ધ કરાયેલ છે. ૬૫૯ શાળાઓમાં એમ.આર. રસીકરણ અંતર્ગત તાલીમ પૂર્ણ કરેલ છે. ૨૭૮ શાળાઓમાં વાલી-શિક્ષકોની મીટીંગ કરવામાં આવી છે.

## ૧૯૦ ટીમ, ૩૮૪૬ સેશનમાં જિલ્લાના ૩.૨૧ લાખ બાળકોને આવરી લેવાનું આયોજન : જિલ્લામાં ઓરીના કેસ ઘટયા છે

આ અભિયાન અંગેની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ૩.૨૧ લાખ બાળકોને આવરી લેવામાં આવશે. ૭૩૨ સરકારી શાળા, ૨૯૦ ખાનગી શાળા મળી કુલ ૧૦૨૨ શાળા અને મદ્રેસા અને છાત્રાલયના બાળકોને રસી આપવામાં આવશે.

ડબલ્યુ એચ.ઓ. તેમજ યુનિસેફના સીધા માર્ગદર્શન અને નોર્મ્સ મુજબ જ આ રસીકરણ

'એક દિવસ એક શાળા' એ અભિયાનનું મુખ્ય થીમ છે. આ અભિયાન માટે ૧૯૦ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. રસીકરણ માટે ૧૯૦ એ.એન.એમ. ૩૧ સ્ટાફ નર્સ તેમજ ૧ નિવૃત્ત એ.એન.એમ.ની પસંદગી કરાઈ છે. તેમને આ માટે ખાસ તાલીમ પણ આપવામાં આવી છે.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું વાલીઓમાં કચવાટ કે ભયની લાગણી હોવાનો પત્રકારોના પ્રશ્નનો ઉત્તર નકારતા તેમણે કહ્યું હતું કે આ વાત ખોટી છે. વાલીઓમાં જે ભય કે કચવાટની લાગણી હોય તે માટે અમે બેઠકો પણ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ઓરીના કેસોમાં પણ ઘટાડો નોંધાયો છે. ગત વર્ષે માત્ર ૩ કેસ નોંધાયા હતા. રૂબેલાનો એક પણ કેસ જિલ્લામાં નોંધાયો નથી. આ માટે કેટલાક કિસ્સામાં ગાંધીનગર સિવીલમાં ટેસ્ટ પણ કરવામાં આવ્યા છે.




પત્રકારોના એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આ અભિયાનમાં કુલ ૩૮૪૬ સેશન કરવામાં આવશે. શાળાના સેશન ૧૪૮૫, આઉટરીયલ બાળકોને આવરી લેવા માટે ૧૧૯૧ સેશન, મોબાઈલ ટીમ ૬૦, ફિકસ સેશન ૧૧૧૦ થશે.

તેમણે જણાવ્યું હતું કે ૧૯૦ ટીમ બનાવવામાં આવી છે તેમાં ત્રણ સભ્યો હશે જેમાં આશા,

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં રથયાત્રાની તડામાર તૈયારીઓ

**રથયાત્રા હવે મોસાળમાં વિસામા બાદ દત્ત મંદિર તરફના રૂટમાં આગળ વધશે : રથયાત્રાના રૂટમાં સફાઇ કરવામાં આવશે : રથયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરાશે : ૨ હજાર કીલો મગ, કાકડી, જાંબુના પ્રસાદનુ વિતરણ કરાશે**

ગાંધીનગર તા ૬

ભગવાન જગન્નાથજીની ભવ્ય રથાયાત્રાને અનુલક્ષી



તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આુવી છે. રથયાત્રાના સ્વાગત માટે સેકટરવાસીઓ ઉત્સુક બન્યા છે. જયારે રથયાત્રા સમિતિ દ્વારા પણ રથયાત્રા મહાત્સવના ઓવારણા લેવા માટે જરૂરી તમામ તૈયારીઓને અંજામ આપવામાં આવી રહયો છે. રથયાત્રા હવે સે-૨૯ જલારામ મંદિરથી સે-૨૮ દત્તમંદિરના રૂટ તરફ આગળ વધશે. જયારે રથયાત્રા દરમિયાન રૂટમાં ગંદકી ન થાય તે માટે કોર્પોરેશનની ટીમ દ્વારા સફાઇ પણ કરવામાં આવશે. રથયાત્રા સમિતિ સમક્ષ નવા સેકટરોના રહીશો દ્વારા રૂટમાં ફેરફાર કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. જેમાં નવા સેકટરોમાં ભગવાનની યાત્રા પ્રવેશે તે માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

રથયાત્રા મહોત્સવને અનુલક્ષી પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ હતુ કે દુખદ ઘટનાને સુખદ બનાવવા રથયાત્રાના પ્રારંભ થયો હતો. જયારે રથ મહોત્સવની ઉજવણી દરેક મંદિરમાં થાય છે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડીયાએ રથયાત્રાના આયોજન અંગે વિગતો આપતા જણાંવ્યુ હતુ કે ૩૧ કી મી ની લાંબી રથયાત્રાના

● અનુસંધાન પાન-૭ પર

## મોસાળમાં ૭ હજાર ભાવિકો માટે મોહનથાળ-ખીચડીનો પ્રસાદ

આગામી તા ૭ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને અનુલક્ષી તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રથયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરવા માટે પણ નગરજનો તેમજ વેપારીઓ ઉત્સુક છે. બીજીતરફ ભગવાનના મોસાળામાં ભાવિકોને મહાપ્રસાદ પીરસવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જેમાં જલારામ સેવા સમાજના પ્રમુખ જિતેન્દ્ર સેજાણીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે મોસાળમાં ભાવિકોને મોહનથાળ , ખીચડી તેમજ બટાકા વટાણાનુ શાક અને ઠંડી છાશ તેમજ મિનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. મોસાળમાં ૭ હજાર ભાવિકોને પ્રસાદ પીરસવામાં આવશે. જેમાં ૭૦૦ કીલો મોહનથાળ માટે ૧૫૦ કીલો ચોખ્ખુ ઘી, ૧૫૦ કીલો ચણાનો લોટ, ૧૫૦ કીલો ખાંડનો ઉપયોગ થશે. જયારે ખીચડી બનાવવા માટે ૪૦૦ કીલો ચોખા, ૩૦૦ કીલો મગદાળ અને ૬૦૦ કીલો બટાકા વટાણા અને ટામેટાનો ઉપયોગ શાક માટે કરવામાં આવશે. આ ઉપરાંત ૨ હજાર લીટર ઠંડી છાશ તેમજ મિનરલ વોટરની વ્યવસ્થા પણ જલારામ સેવા સમાજ તરફથી કરવામાં આવી છે.

# સુઘડ પ્રા. આ. કે.ના વિસ્તારની વધુ ૩૧ સોસાયટીઓમાં સર્વેલન્સ કરાયુ

ગાંધીનગર, તા. ૬

સુઘડ પી.એચ.સી. વિસ્તારમાં આવેલ સોસાયટીઓના સર્વેલન્સના આજે ત્રીજે દિવસે આજે ૩૧ સોસાયટીઓને આવરી લેવામાં આવી હતી.

કુડાસણમાંથી મળેલા

**૪૧ જગ્યા પરથી મચ્છરના બ્રિડીંગ મળ્યા : ફૂલછોડના કૂંડા, વોટરકુલરમાંથી પણ બ્રિડીંગ મળી આવ્યા**

ડેન્ગ્યુના કેસોને પગલે તંત્ર દ્વારા હાથ ધરાયેલ સઘન સર્વેક્ષણમાં આજે ૨૧૫૦ ઘર આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૪૧ જગ્યાઓ પરથી મચ્છરોના બિર્ડીંગ મળી આવ્યા હતા. જ્યારે ૪ તાવના કેસ મળી આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્રની ટીમો દ્વારા આજે ૫૦૮ ટાંકી, ૮ પીપ, ૧૪૦ કૂલર, ૧૦૫૯ ફ્રીઝ અને ૬૦૦ જેટલા ભંગારની ચકાસણી કરાઈ હતી. ૧૯૭૩ ફૂલછોડના કૂંડા પણ ચકાસ્યા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૫ જેટલા કૂંડાઓમાંથી, ૧ કુલર મશીનમાં, ૧ પીપ જેવા પાણીના સંગ્રહ પાત્રમાંથી અને ૩૪ અન્ય સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળ્યા હતા.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ગાંધીનગર તાલુકાના ૪૦થી વધુ કર્મચારીઓ દ્વારા આ સર્વે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરની ૩ બાંધકામ સાઈટ પરથી મચ્છરના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરની સાત બાંધકામ સાઈટો પર શહેરી મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરાયેલ રેઈડમાં ત્રણ બાંધકામ સાઈટો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવતાં તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ૩ સાઈટોમાં ૬ સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા હતા. તંત્રએ આ સાઈટ સંચાલકો પાસેથી હવે નિયમિત રીતે એન્ટી લારવેલની કામગીરી તેમના દ્વારા કરાશે તેવા બાંહેધરી પત્ર લખાવી લીધા છે.

# શહેરમાં વિવિધ કક્ષાના ૬૧૩ સરકારી આવાસો તોડી નંખાશે

**સૌથી વધુ સે-૧૩ અને સે-૯ માં આવાસો તોડવામાં આવશે : સેકટરોમાં ૧૦૮ મકાનો તોડવાનુ કામ શરૂ**

ગાંધીનગર તા ૬

શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તોડવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે હાલ ૧૦૮ જેટલા સરકારી આવાસો તોડવા માટેની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં અન્ય ૫૦૫ મકાનો તોડવા માટે પણ પ્રક્રીયા હાથ ધરાશે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે દાયકાઓ જુના સરકારી આવાસોના સ્થાને નવા આવાસો બાંધવા માટે પણ ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. હજુ નવા આવાસો બાંધવા માટે પણ ટુંકમાં સાઈટ નક્કી કરવામાં આવશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હવે રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી બિનઉપયોગી બન્યા છે. જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તબક્કારવાર તોડવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવે છે. શહેરમાં નવા આવાસોનુ નિર્માણ કામ શરૂ થયા બાદ જુના અને કંગાળ ભાસતા મકાનો પર બુલડોઝર ફેરવવામાં આવી રહયુ છે. જુના આવાસો આમ પણ રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય નથી. જુના આવાસો રહેણાંક માટે જોખમી હોવાનો સુર ઉઠતા મકાન માટે કર્મચારીઓની અરજી સંદર્ભે પ્રતિક્ષા યાદી માટી થતી જાય છે. જયારે નવા મકાનો બાંધવા માટે પણ હજુ ટુંકમાં આયોજન કરવામાં આવશે. બીજીતરફ સેકટરોમાં કુલ ૬૧૩ મકાનો તોડવા માટે આયોજન કરી દેવાયુ છે. આ પૈકી ૧૦૮ મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જેમાં સે-૬, સે-૧૨,સે-૧૬ અને સે-૨૦ માં ચ-૧ ,જ-૨, છ કક્ષાના મકાનો તોડવામાં આવી રહયા છે. જયારે વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૫૦૫ સરકારી આવાસો તોડવા માટે મંજુરી પણ આપી દેવામાં આવી છે. જેમાં સે-૧૩, ૧૬,૧૭,,૨૨,,૧૩,,૨૯, અને સે-૯ માં ૧૨૦ સહીત વિવિધ કક્ષાના ૫૦૫ મકાનો તોડવામાં આવશે. જો કે હજુ આ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે.પરંતુ મકાનો તોડવાનુ કામ શરૂ કરાયુ નથી.

**શૌચાલયોની મરામત-જાળવણીની કામગીરી આપવાના**

## સ્થાયી સમિતિનો નિર્ણય રદ કરવાનો કમિશ્નરનો નિર્ણય

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૧ નવનિર્મિત જાહેર શૌચાલયોની મરામત-જાળવણી અને નિભાવણી માટે એક એજન્સીને જુના ટેન્ડરના ભાવે અને શરતોને આધીન રહી ફાળવવાના કરેલા નિર્ણયને આજે મ્યુ. કમિશ્નરશ્રી સંજય અમરાણીએ રદ કર્યો છે.

મનપાના સચિવને લખેલ પત્રમાં કમિશ્નરશ્રીએ શરતચૂકથી આ દરખાસ્ત મોકલવામાં આવી હોવાનુ સ્વીકાર્યુ છે. એટલુ જ નહિ આ નિર્ણયને કારણે નાણાંકીય નિયમોનું ઉલ્લંઘન થતુ હોવાનું ધ્યાને આવેલ હોવાથી આ નિર્ણયને તાત્કાલિક સ્થગિત કરવામાં આવેલ છે. નવી ટેન્ડર પ્રક્રિયા બાદ જ આ અંગે નિર્ણય થઈ શકશે તેમ પણ પત્રમાં સ્પષ્ટ રીતે જણાવાયુ છે.

ગઈકાલે આ મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા નિર્ણય રદ કરવા અને જો તેમ નહિ કરાય તો કોર્ટના દ્વાર ખટખટાવવાની ધમકી આપવામાં આવી હતી અને લેખિતમાં રજુઆત પણ કરાઈ હતી.

સ્થાયી સમિતિના નિર્ણયને પગલે રાજકીય વિવાદ વકર્યો હતો અને તેથી આજે આ નિર્ણય રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# જિલ્લાના પ્રશ્નો અંગે આજે પ્રભારી મંત્રીના અધ્યક્ષપદે ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૬

આજે જિલ્લાના પ્રશ્નો અને ચાલી રહેલા વિકાસના કામોની સમીક્ષા માટે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીની અધ્યક્ષતામાં બે બેઠકો યોજવામાં આવી છે.

જિલ્લાના પ્રભારી રાજ્યમંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રથમ બેઠક ૧ વાગે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળશે. જેમાં સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં રજુ થતા મુદ્દાઓની સમીક્ષા કરાશે.

આ પછી સાંજે ચાર વાગે કલોલ પ્રાંત કચેરીમાં પ્રાંત કક્ષાના પ્રશ્નો અંગે સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે એ.ટી.વી.ટી., આયોજન મંડળના કામો તેમજ ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલા વિકાસ કામોની સમીક્ષા તેમજ ૧૪મા નાણાંપંચમાં ચાલી રહેલા કામોની સમીક્ષા મહત્વના મુદ્દા રહેશે.

આ ઉપરાંત જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, પ્રધાનમંત્રી પેન્શન અને બીમા યોજના, જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ ફલેગશીપ યોજનાઓના અમલીકરણ અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

વહીવટીતંત્રને લોકાભિમુખ બનાવવા માટે જનસેવા કેન્દ્રોમાં ચાલતી કામગીરી તેમજ વન ગર્વનન્સ હેઠળ મળેલ અરજીઓમાં કેટલી પડતર રહી તે વિશે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના પ્રશ્નો અંગે મંત્રીશ્રી દ્વારા પ્રથમવાર બેઠક અધિકારીઓ સાથે લેવાઈ રહી હોવાથી તંત્ર દ્વારા પણ તે અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# મહિલા બાળ વિકાસ સમિતિની બેઠકમાં ભાજપના સભ્યની હાજરી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા, બાળ વિકાસ સમિતિની આજે મળેલ બેઠકમાં વિપક્ષના જયેશભાઈ ચૌધરીએ હાજરી આપતાં રાજકીય વિવાદ ઉભો થવા પામ્યો છે.

આજે જિલ્લા પંચાયત ખાતે મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બાંધકામ વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોના મરામતમાં દાખવવામાં આવતી ઉદાસીનતા સામે સભ્યોએ રોષ વ્યક્ત કર્યો હતો. આ તબક્કે બાંધકામ વિભાગે જરૂરી ટેકનીકલ સ્ટાફની અછત અને મોનીટરીંગ માટે પણ સ્ટાફની અછત જેવા કારણો રજુ કર્યા હતા.

આ પછી આ બેઠકમાં આંગણવાડી કેન્દ્રોના બાળકો માટે ફાળવવામાં આવેલ રૂ. પાંચ લાખની ગ્રાન્ટમાંથી રમકડાં ખરીદવા કે અન્ય રમત-ગમતના સાધનો ખરીદવા તે અંગે પ્રોગ્રામ ઓફિસર અને ચેરમેન દ્વારા શહેરની સ્માર્ટ આંગણવાડીઓની મુલાકાત લીધા બાદ નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી છે. આ બેઠકમાં વિપક્ષના જયેશ ચૌધરીની સક્રિય હાજરી એ પંચાયતના વર્તુળોમાં પણ ચર્ચાનો મુદ્દો બની હતી.

**પશુધન નિરીક્ષકના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ પરિણામ બાબત**

તા. ૦૪.૦૭.૨૦૧૮ ના રોજ પશુધન નિરીક્ષકનું લેખિત પરીક્ષાનું પરિણામ નેટ પર પ્રસિધ્ધ થયેલ છે.

આ પરીણામમાં લઘુત્તમ લાયકાત ધોરણ (કટ-ઓફ-માર્ક્સ) સામે, શૈક્ષણિક લાયકાત બાબતે, રાજ્ય બહારની યુનિ. ની માન્યતા અંગે કે માર્કશીટમાં દર્શાવેલ કોર્સના નામ બાબતે (જેવાકે BRS, લાઈવસ્ટોક આસીસ્ટન્ટ, વેટરનરી સાયન્સ કે અન્ય ભળતા નામ) તેમજ પોતે નક્કી કરેલ માર્કસ કરતા ઓછા માર્કસ આવ્યાની સમસ્યા બાબતે તમને કોઈ મુંઝવણ હોય તો આપ અગાઉ થી કોલ કરી સમય મેળવી રૂબરૂ માર્ગદર્શન મેળવી શકો છો. આ માટે કોઈ ફી નથી.

**આર. એમ. પટેલ,** બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. M. 9904377825

**ગુજરાત ગૌણ સેવા પસંદગી ગાંધીનગર દ્વારા તા. ૦૪.૦૭.૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ પરિણામ અંગે માર્ગદર્શન**

તાજેતરમાં જુદી-જુદી જગ્યાઓ જેવી કે જુ. ફાર્માસિસ્ટ, ફુડ સેફ્ટી ઓફીસર, જુ. નિરીક્ષક, વિદ્યુત પેટા નિરીક્ષક, ફોરમેન ઈન્ટસ્ટ્રકટર, વાયરમેન, પશુધન નિરીક્ષક, હોમિયોપેથી મેડીકલ ઓફીસર, મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેકટર, ફિલ્ડ ઓફીસર, નર્સ, રોયલ્ટી ઈન્સ્પેકટરના પરિણામ નેટ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેની સામે ઘણાં બધા ઉમેદવારને કટ-ઓફ-માર્ક્સ બાબતે, શૈક્ષણિક લાયકાત બાબતે, અનામત જગ્યાઓના લઘુત્તમ માર્ક્સ બાબતે, અને પરિક્ષામાં અપેક્ષા મુજબના માર્ક્સ મળ્યા નથી તેવી ફરીયાદો છે, તો આ અંગે શું થઈ શકે ? તે અંગેના માર્ગદર્શન દ્વારા આપને મદદરૂપ થવાનો અમારો નમ્ર પયાસ છે. તો માર્ગદર્શન માટે અમદાવાદ ખાતે અગાઉ થી કોલ કરી સમય મેળવી રૂબરૂ મળી શકો છો. આ માટે કોઈ ફી નથી.

**આર. એમ. પટેલ,** બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. M. 9904377825

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com